સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
Govt of Gujarat

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

(નાણા વિભાગ)

(તિજોરી નિયંત્રણ શાખા)

બ્લૉક નં.૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ,
જુના સચિવાલય, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર
(ગુજરાત)- ૩૮૨૦૧૦
E-mail: supt-tc-dat@gujarat.gov.in

(૦૭૯) ૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
(૦૭૯) ૨૩૨૫૪૯૯૪ (ટી.સી. બ્રાંચ)
(૦૭૯) ૨૩૨૫૫૮૬૪(ટી.સી. બ્રાંચ-પેન્શન)


## ઘરે બેઠા પેન્શનરશ્રીઓની ડિજીટલી વાર્ષિક હયાતી કરવા બાબત

ભારત સરકાર દ્વારા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અન્ય પેન્શનરશ્રીઓને હયાતીની ખરાઈ માટે ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. જે જીવન પ્રમાણ તરીકે ઓળખાય છે. ગુજરાત સરકારશ્રીએ પણ નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: તજર/૧૦૨૦૧૪/૧૬૭૧/ઝ તા.૨૯/૦૫/૨૦૧૭ થી ઓનલાઇન હયાતિની ખરાઈને માન્ય રાખી સ્વીકાર કરેલ છે.

- પેન્શનરો દ્વારા આ સુવિધાનો ઉપયોગ કરીને દર વર્ષે ૧ લી મે અથવા તે પછી કરાવેલ વાર્ષિક હયાતીની ખરાઈ માન્ય ગણાશે..
- પેન્શનરશ્રીઓ જીવન પ્રમાણ કેન્દ્ર/જન સેવા કેન્દ્ર/ બેંક/ પોસ્ટ ઓફિસમાં ગયા વગર ઘર બેઠા હયાતિની ખરાઇ કરાવી શકે છે. જે માટે તેઓએ નીચે મુજબની પધ્ધતિ અપનાવવાની રહે છે.

---

**STEP-1 આધાર ફેસ આરડી (AadhaarFaceRd) એપ્લિકેશનને ગુગલ પ્લે સ્ટોર (Google Play Store) પરથી મોબાઇલ ફોનમાં ઇન્સ્ટોલ કરવી.**




**STEP-2 જીવન પ્રમાણ (Jeevan Pramaan) એપ્લિકેશનને ગુગલ પ્લે સ્ટોર (Google Play Store) પરથી મોબાઇલ ફોનમાં ઇન્સ્ટોલ કરવી અને INSTALL થયા પછી APPLICATION RUN કરવી અને જરૂરી Permission આપવાની રહેશે.**




**STEP-3 રજીસ્ટ્રેશન (એક વખતની પ્રક્રિયા):-**

- એપ્લિકેશનમાં પેન્શનરે પોતાની વિગતો નાંખી રજીસ્ટ્રેશન કરવું.
- મોબાઈલમાં Jeevan Pramaan Application ખોલવી અને આધાર નંબર, મોબાઇલ નંબર, અને ઇમેલ એડ્રેસ દાખલ કરી સબમિટ પર ક્લીક કરવું.
- મોબાઇલ નંબર અને ઇમેલ આઇડી પર OTP પ્રાપ્ત થશે.
- જે OTP સબમીટ કર્યા બાદ એક સ્કીન દેખાશે, જેમા પેન્શનરે નામ દાખલ કરવું પડશે અને ચેકબોક્સ પર ક્લીક કરીને Scan બટન પર ક્લીક કરવું.
- Scan બટન ક્લીક કરતા સ્કીન પર ફેસ પ્રમાણીકરણ માટેની સુચનાઓ દેખાશે. જે યોગ્ય રીતે વાંચી ચેકબોક્સ પર ક્લીક કરવું અને ત્યારબાદ PROCEED બટન પર ક્લીક કરવું.
  (ફેસ સ્કેન કરતી વખતે સ્કીન પર પેન્શનરે અનુસરવાની થતી વિવિધ સુચનાઓ જેવી કે, સ્થિર રહો, આંખો ખોલ બંધ કરવી વગેરેનું પાલન કરવું.)

Scanned with OKEN Scanner

- ફેસ સ્કેન દ્વારા સફળતાપૂર્વક ખરાઈ થયા બાદ (પેન્શનરનું રજીસ્ટ્રેશન થઇ ગયા બાદ) આગળ પેન્શનરની ખરાઈ માટેની સ્કીન ખુલશે. જેમાં પેન્શનરે પોતાનો આધાર નંબર અને મોબાઇલ નંબર ફરજિયાત દાખલ કરવો પડશે. (આમાં ઇમેલ આઇડી વૈકલ્પિક છે.)
- આધાર નંબર અને મોબાઇલ નંબર દાખલ કર્યા બાદ સબમીટ બટન પર ક્લીક કરતાં OTP પ્રાપ્ત થશે. પ્રાપ્ત થયેલ OTP દાખલ કરી સબમીટ બટન પર ક્લીક કરવું.

STEP-4 પેન્શનરની ઓળખની પ્રક્રિયા કરવી (Pensioner Identification):-

- OTP સબમિટ થયા પછી એક સ્કીન ખુલશે, જેમાં પેન્શનરે જરૂરી વિગતો જેવી કે, પેન્શનરનું નામ, પેન્શનનો પ્રકાર, સંસ્થાનું નામ (State Government/UT), મંજુરકર્તા ઓથોરીટી (ગુજરાત સરકાર), વહેંચણી સંસ્થા (ગુજરાત ટ્રેઝરી-સબ ટ્રેઝરી), પેન્શન ચુકવણા કચેરી (સંબંધિત પેન્શન ચુકવતી કચેરી), પી.પી.ઓ. નંબર, પેન્શન જમા થતું હોય તે બેંકનો એકાઉન્ટ નંબરની વિગતો ભરવાની રહેશે અને તેની નીચે આપેલ બે પ્રશ્નોના હા/ના જવાબ સિલેક્ટ કરીને Next બટન ક્લીક કરવાનું રહેશે.
- (સ્કીન પર માંગેલ બધી જ વિગતો યોગ્ય રીતે દાખલ કરવી. જો માહિતી ખોટી હશે તો
- Pension Disbursing Agency તેનો અસ્વીકાર કરી શકે છે.)
- Next બટન ક્લીક કર્યા બાદ તેમને ભરેલી વિગતની સ્કીનનો પ્રિવ્યુ જોવા મળશે. જેની નીચે આપેલ બે ચેકબોક્સ પર ટીક કરીને Submit બટન ક્લીક કરવાનું રહેશે.
- Submit બટન પર ક્લીક કર્યા પછી પીપીઓ નંબર Confirm કરવા માટે સ્કીન દેખાશે, જેની નીચે આપેલ એક ચેકબોક્સ ટીક કરીને Scan બટન ક્લીક કરતાં ફેસ ખરાઇ માટે પેન્શનરનો ફોટો પાડવાની સ્કીન ખૂલશે. જેમા પેન્શનરે પોતાનો ફોટો પાડવાનો રહેશે.
- પેન્શનરનો ફોટો સફળતાપૂર્વક પડ્યા બાદ ડીજીટલ લાઇફ સર્ટીફિકેટ જનરેટ થયા અંગેની સ્કીન ખુલશે જેમા પી.પી.ઓ.નંબર માટે જીવન પ્રમાણ આઇ.ડી.નંબર જનરેટ થયેલ દેખાશે.
- ત્યારબાદ Close બટન ક્લીક કરતાં વધુ એક સ્કીન ખુલશે, જેમાં બીજા પી.પી.ઓ.માટે ડીજીટલ લાઇફ સર્ટીફિકેટ જનરેટ કરવા માંગો છો કે કેમ ? તે માટે બે વિકલ્પ આવશે. "YES" અને "NO" , જેમાથી "NO" વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- આ પ્રક્રિયા પૂર્ણ થયેથી પેન્શનરનું ડિજીટલ લાઇફ સર્ટીફિકેટ તેમના દ્વારા પસંદ કરવામાં આવેલ પેન્શન ચુકવતી કચેરીને આપમેળે જ ઓનલાઇન સબમિટ થઇ જશે. પેન્શનરે અલગથી બેન્કને કે તિજોરી કચેરીને લાઇફ સર્ટીફિકેટ પોસ્ટ દ્વારા કે રૂબરૂ મોકલવાનું રહેશે નહિ.
- પેન્શનરને પોતાના મોબાઇલ નંબર પર લાઇફ સર્ટીફિકેટ જનરેટ થયાનો SMS આવશે. આ SMS માં પ્રમાણ આઇડી અને લીંક પણ હશે જેના દ્વારા ડીજીટલ લાઇફ સર્ટીફિકેટ ડાઉનલોડ કરી શકાય છે.

હયાતીની ખરાઈ માન્ય રાખવા બાબત:-

- જો કોઇ પેન્શનરે ૨૦૨૫-૨૬ નાં વર્ષ માટે હયાતિની ખરાઇ કરાવાની હોય તો તે પેન્શનરે ૧ લી મે ૨૦૨૫ કે ત્યારબાદ હયાતિની ખરાઇ કરાવવાની રહે. ૧ લી મે ૨૦૨૫ પહેલા કરાવેલ હયાતિની ખરાઈ માન્ય ગણાશે નહિ. ઉપર મુજબની હયાતિ થયા બાદ પેન્શનરે આવનાર વર્ષ ૨૦૨૬-૨૭ માટેની હયાતીની ખરાઈ ૧લી મે ૨૦૨૬ કે ત્યારબાદ કરાવવાની થાય.

(આર.ડી.ખુંટી)
સંયુક્ત નિયામક
તિજોરી નિયંત્રણ

Scanned with OKEN Scanner